MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 06, December 2025

# ભારતમાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અંતર્ગત ખરીફ પાકનો આર્થિક અભ્યાસ

સંશોધક: ગજેરા સોનલ વેલજીભાઈ
(M.A, ECONOMICS, GSET)
માર્ગદર્શક: ડૉ. પરસોતમ એમ. ઉંધાડ
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી - રાજકોટ

**સારાંશ :**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ ભારતમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના અંતર્ગત ખરીફ પાકનો આર્થિક અભ્યાસ વર્ષ 2016-17 થી 2023-24 સુધીના આંકડાકીય માહિતીના વિશ્લેષણ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. આ સંશોધનમાં ખરીફ ઋતુ દરમિયાન યોજના હેઠળ આવરી લેવામાં આવેલ ખેડૂતોની સંખ્યા, વીમાકૃત રકમ, કુલ દાવાઓ, ચૂકવેલ દાવાઓ, અને બાકી રહેલા દાવાઓના વલણોનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

**ચાવીરૂપ શબ્દ :** *ખરીફ પાક, પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના, અરજી કરાયેલ ખેડૂતોની સંખ્યા, વીમા કૃત રકમ , કુલ દાવાઓ, ચૂકવેલ દાવાઓ, બાકી રહેલ દાવાઓ,*

## પ્રસ્તાવના :

ભારતની લગભગ 46% વસ્તીની આજીવિકાનું મુખ્ય સ્ત્રોત ખેતી છે. પરંતુ આબોહવા પરિવર્તન અનિયમિત વરસાદ અને કુદરતી આફતો જેવા પડકારોને કારણે ખેડૂતો સતત આર્થિક જોખમ અને દેવાય હેઠળ રહે છે. આ જોખોમાં સામે રક્ષણ આપવા અને ખેડૂતોને આર્થિક સ્થિરતા પૂરી પાડવા ભારત સરકારે તે જાન્યુઆરી 2016ના રોજ પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના PMFBY શરૂ કરી છે. અગાઉની યોજનાઓની ખામીઓ દૂર કરી, આ નવી યોજના કુદરતી આફતો અને રોગચાળો સામે વ્યાપક વીમા કવચ પૂરું પાડતો અસરકારક અને ખેડૂતલક્ષી અભિગમ છે.

## યોજનાની વિશેષતાઓ :

- ખેડૂતો માટે પ્રીમિયમ દર ખૂબ જ ઓછા છે.
- જેમાં રવિ પાક માટે 2 %, ખરીફ પાક માટે 1.5 % અને બાગાયતી પાક માટે 5 % પ્રીમિયમ છે બાકીનું પ્રીમિયમ કેન્દ્ર અને રાજ્ય સરકારો સમાન ભાગે સબસીડી તરીકે ભોગવે છે તેનાથી ખેડૂતો પરનો આર્થિક બોજ ઓછો થાય છે .

- પ્રાકૃતિક આપત્તિ, જીવાત અને રોગોના કારણે થતા નુકસાનને પ્રસ્તુત યોજનામાં આવરી લેવામાં આવ્યા છે.
- ટેકનોલોજી દ્વારા સર્વેક્ષણ અને ક્લેમ પ્રક્રિયા.
- આ યોજના વાવણી પહેલાથી લઈને લણણી પછી સુધીના તમામ ટપકાઓને આવરી લે છે.

**સંદર્ભ સાહિત્યની સમીક્ષા :**

1) **Jiragal, I., Ganesamoorthi, S., Khatoon, M., Mohankumar, T. L., & Narayanaswamy, C. (2025). Food, economic, and livelihood security of farmers under PMFBY in Kolar, Karnataka. Indian Journal of Extension Education, 61(2), 40-44.**

પ્રસ્તુત સંશોધનમાં વર્ષ 2021-22 દરમિયાન કર્ણાટકના કોલાર જિલ્લામાં કરવામાં આવેલ એક અભ્યાસમાં ખેડૂતોની ખાધી અને આર્થિક સુરક્ષા પર આ યોજનાની અસર તપાસવામાં આવી હતી. ઇમરાનખાન જીરાગલ અને સાથી સંશોધકો દ્વારા કરવામાં આવેલો આ અભ્યાસમાં પાંચ તાલુકાના 200 ખેડુતો જેમાં ૧૫૦ લાભાર્થી અને 50 બીન લાભાર્થીનો સર્વે કરવામાં આવ્યો હતો.

**અભ્યાસના મુખ્ય તારણો :**

1. ખાદ્ય સુરક્ષા : પ્રસ્તુત સંશોધન મુજબ, યોજનાનો લાભ લેનાર ખેડૂતોની આજીવીકા બિન લાભાર્થીઓ કરતા વધુ સુરક્ષિત જોવા મળી હતી. લાભાર્થી ખેડૂતોએ વર્ષ પર ખોરાકની ઉપયોગીતા સરેરાશ સ્કોર 4.63 ને મહત્વ આપ્યું હતું, જ્યારે બિન - લાભાર્થી ખેડૂતો મોટેભાગે જાહેર વિતરણ વ્યવસ્થા પર નિર્ભર હતા.
2. આર્થિક સ્થિરતા : આર્થિક સુરક્ષાના પાસામાં સંશોધનો શ્રેષ્ઠ ઉપયોગ (લાભાર્થી : 4.61 ; બિન - લાભાર્થી : 4.52) મુખ્ય પરિબળ સાબિત થયો હતો. અંદાજે 53.5 % લાભાર્થીઓએ ખાદ્ય સુરક્ષામાં સુધારો અને 57 % આર્થિક સ્થિરતામાં વૃદ્ધિ અનુભવી હતી.
3. પડકારો અને સૂચનો : આ અભ્યાસ પરથી કહી શકાય કે PMFBYની અસર હકારાત્મક રહી છે, પરંતુ વિમાનની રકમ ચૂકવવામાં થતો વિલંબ અને ખેડૂતોમાં જાગૃતિનો અભાવ હજુ પણ મોટા પડકારો છે. ચોદાવાની પતાવળ ઝડપી બને અને યોજનાનો વ્યાપ વધારવામાં આવે, તો તે ટકાઉ ખેતી અને ખેડૂતોની અરજીવિકા માટે વધુ આશીર્વાદરૂપ સાબિત થઈ શકે છે.

2) **NAGESH, H. (2019). A Critical Study on Pradhan Mantri Fasal Bima Yojana in Srikakulam district of Andhra Pradesh (Doctoral dissertation, Acharya NG Ranga Agricultural University, Guntur).**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ આંધ્રપ્રદેશના શ્રી કાકુલમ જિલ્લાના 120 ખેડૂતો પર કરવામાં આવેલા અભ્યાસ જણાવે છે કે પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના ખેતીની આવક શેર કરવા માટે મહત્વની હોવા છતાં, તેના અમલીકરણમાં કેટલાક પાયાના પડકારો છે. જેમાં મુખ્ય અવરોધો એ જોખમનું મૂલ્યાંકન, વીમા પ્રક્રિયાને સરળ બનાવવી, ગ્રામ્ય સ્તર જાગૃતિ કાર્યક્રમ, પ્રીમિયમ ઘટાડો કરવો અને ગરીબ રેખા નીચેના ખેડૂતો માટે સરકાર દ્વારા પ્રીમિયમની સહાય આપવી. આમ આધ્યા સૂચવે છે કે જો પ્રક્રિયામાં પારદર્શિતા અને ઝડપ લાવવામાં આવે તો પ્રસ્તુતિ યોજનાની અસરકારકતા મનોનપાત્ર વધારો થઈ શકે છે.

**સંશોધનના હેતુઓ :**

1. વર્ષ 2016-17 થી 2023-24 સુધીમાં PMFBY યોજના અંતર્ગત ખરીફ પાક માટે થયેલ ખેડૂતોની અરજીઓની આંકડાકીય માહિતીનો અભ્યાસ કરવો.
2. વર્ષ 2016-17 થી વર્ષ 2023-24 સુધીમાં PMFBY યોજનામાં ખરીફ પાક માટે ફાળવેલ કુલ વીમાકૃત રકમનો અભ્યાસ કરવો.
3. વર્ષ 2016-17 થી વર્ષ 2023-24 સુધીમાં PMFBY યોજના અંતર્ગત ખરીફ પાક માટે થયેલ કુલ દાવાઓનો અભ્યાસ કરવો.
4. વર્ષ 2016-17 થી વર્ષ 2023-24 સુધીમાં PMFBY યોજના અંતર્ગત ખરીફ પાક માટે ચૂકવાયેલ કુલ દાવા અને બાકી રહેલા દાવાઓનો અભ્યાસ કરવો.

**માહિતી એકત્રીકરણ :**

કોઈપણ સંશોધનનો મુખ્ય સ્થાન તેની વિગતો કે માહિતી હોય છે. સામાન્ય રીતે માહિતી એકત્રીકરણ ના બે પ્રકારો છે : 1) પ્રાથમિક માહિતી 2) ગૌણ માહિતી. આ અભ્યાસમાં મુખ્યત્વે ગૌણ માહિતીના સ્ત્રોતનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના ની માહિતી કૃષિ મંત્રાલય અને PMFBY પોર્ટલ પરથી મેળવેલ છે.

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 06, December 2025

## પૃથક્કરણ અને અર્થઘટન :

**PMFBY હેઠળ ખરીફ પાક માટે કુલ ખેડૂતોની અરજી અને કુલ મંજૂર વીમાકૃત રકમ દર્શાવતું**

**કોષ્ટક નં-1**

| Year | Total Farmer Application In Lakh | Percentage Change in Year | Sum insured In RS. Crore | Percentage Change in Year |
|---|---|---|---|---|
| 2016 - 17 | 407.67 | - | 130634.60 | - |
| 2017 - 18 | 357.31 | - 12.35 | 124588.37 | -4.63 |
| 2018 - 19 | 348.30 | - 2.52 | 139880.43 | 12.27 |
| 2019 - 20 | 425.63 | 22.20 | 145374.18 | 3.93 |
| 2020 - 21 | 424.28 | - 0.32 | 116258.29 | -20.03 |
| 2021 - 22 | 504.21 | 18.84 | 102109.07 | -12.17 |
| 2022 -23 | 691.56 | 37.16 | 126862.17 | 24.24 |
| 2023 - 24 | 837.24 | 21.07 | 158114.71 | 24.63 |

**Source: DA&FW, Data as on 31 May 2024.**

**Agricultural Statistics at a Glance, 2023**

## ખેડૂતોએ કરેલ અરજીઓનું વિશ્લેષણ :

- શરૂઆતમાં ઘટાડો: વર્ષ 2016-17 થી 2018-19 સુધી ખેડૂતોની અરજીમાં સતત ઘટાડો જોવા મળ્યો હતો, જે ઉપરોક્ત કોષ્ટક દ્વારા જોઈ શકાય છે.
- ઝડપી વૃદ્ધિ : વર્ષ 2021-22 પછી અરજીઓમાં મોટો ઉછાળો આવ્યો છે ખાસ કરીને વર્ષ 2023 માં 37.16% નો સૌથી મોટો વાર્ષિક વધારો જોવા મળ્યો છે.
- વર્તમાન સ્થિતિ : વર્ષ 2023-24 માં અરજીઓ વધીને 837. 24 લાખ થઈ ગઈ છે. જે દર્શાવે છે કે વધુને વધુ ખેડૂતો વીમા યોજનાનો લાભ લઇ રહ્યા છીએ.

## વીમાકૃત રકમનું વિશ્લેષણ :

- વીમા કૃત રકમમાં શરૂઆતના વર્ષોમાં ઘણા ઉતર ચડાવા આવ્યા હતા. વર્ષ 2020-21 અને વર્ષ 2021-22માં રકમના અનુક્રમે - 20.03% અને -12.17% નો ઘટાડો નોંધાયો હતો.

- છેલ્લા બે વર્ષમાં 2022 થી 2024 સુધી રકમમાં ખૂબ મોટો વધારો થયો છે. વર્ષ 2023-24 માટે વધીને 1,58,114.71 કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે.
- વર્ષ 2023-24 માં આ રકમમાં 24.63 % ટકાનો વધારો થયો છે, જે ખેતીમાં વધતા જોખમ સામે વીમા કવચની મજબૂતી દર્શાવે છે.

**PMFBY હેઠળ ખરીફ પાક માટે મંજૂર થયેલ કુલ દાવાઓ, ચૂકવેલ દાવો અને બાકી રહેલ દાવાઓ દર્શાવતું :**

**કોષ્ટક નં- 2**

| Year | Total Claims | Percentage Change in Year | Paid Claims | Percentage Change in Year | Claims Outstanding | Percentage Change in Year |
|---|---|---|---|---|---|---|
| 2016 - 17 | 10595.98 | - | 10595.98 | - | 0.00 | 100 |
| 2017 - 18 | 18168.38 | 71.46 | 18166.94 | 71.45 | 1.44 | - |
| 2018 - 19 | 20001.91 | 10.09 | 19931.99 | 9.71 | 169.92 | 11,700 |
| 2019 - 20 | 21968.45 | 9.83 | 21827.64 | 9.51 | 140.81 | - 17.13 |
| 2020 - 21 | 14916.98 | - 32.09 | 14777.72 | - 32.30 | 139.26 | - 1.10 |
| 2021 - 22 | 15113.32 | 1.32 | 14919.52 | 0.96 | 193.80 | 39.16 |
| 2022 - 23 | 12196.15 | -19.30 | 12029.82 | - 19.30 | 166.34 | - 14.17 |
| 2023 - 24 | 6591.94 | -45.96 | 5377.04 | - 55.30 | 1214.90 | - 630.37 |

**Source: DA&FW, Data as on 31 May 2024.**

**Agricultural Statistics at a Glance, 2023**

**કુલ દાવાઓના પ્રમાણમાં વિશ્લેષણ :**

- વર્ષ 2016 થી 2020 સુધી કુલ દાવાઓમાં સતત વધારો જોવા મળ્યો હતો, જે વર્ષ 2019-20 માં 21,968.45ની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો હતો.
- વર્ષ 2020-21 થી દાવોની સંખ્યામાં ઘટાડો શરૂ થયો. ખાસ કરીને વર્ષ 2023-24માં કુલ દાવાઓમાં 45.96% નો મોટો ઘટાડો નોંધાયો છે.

**કુલ દવાઓની ચુકવણીનું ક્ષમતાઓનું વિશ્લેષણ :**

- મોટાભાગના વર્ષોમાં કુલ દાવા અને ચૂકવેલ દાવાના આંકડા લગભગ સમાન છે, જે સૂચવે છે કે સંસ્થાની દાવા પતાવટ પ્રક્રિયા કાર્યક્ષમ છે.

- વર્ષ 2016-17 માં પતાવટનો દર 100% હતો.

## બાકી રહેલ દાવાઓનું વિશ્લેષણ :

- વર્ષ 2018-19 થી બાકી દવાઓમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો હતો.
- વર્ષ 2023-24માં બાકી દવાઓ અચાનક વધીને 1,214.90 થઈ ગયા છે.
- જે અગાઉના વર્ષ 166.34 ની સરખામણીએ આ ખૂબ મોટો ઉછાળો છે, જે દર્શાવે છે કે છેલ્લા વર્ષમાં દાવાઓની પતાવટમાં વિલંબ થયો છે અથવા કોઈ પ્રક્રિયાગત અવરોધ આવ્યો છે.

## મુખ્ય તારણો

અહીં વર્ષ 2016-17થી 2023-24ની આંકડાકીય માહિતી મુજબ પ્રધાનમંત્રી કૃષિ બીમા યોજનામાં ખરીફ પાક માટે ખેડૂતોની ભાગીદારી બમણી થઈ છે, જે આપણે આંકડાકીય માહિતી દ્વારા જોઈ શકીએ છે અને વીમાકૃત રકમમાં 24.63 ટકાનો વધારો થયો છે, જે ખેડૂતોની વધતી જાગૃતિ અને આર્થિક સુરક્ષાની મજબૂત સ્થિતિ દર્શાવે છે. જોકે, હકારાત્મક પાછું એ છે કે 2023-24માં કુદરતી નુકસાન ઘટતા કુલ દાવાઓમાં 45.96% નો ઘટાડો થયો છે, પરંતુ તેની સામે બાકી દવાઓમાં થયેલો ધરખમ વધારો વહીવટી વિલંબ સૂચવે છે. સમગ્ર તૈયાર આ યોજના અત્યંત લોકપ્રિય હોવા છતાં, ખેડૂતોનો વિશ્વાસ ટકાવી રાખવા માટે બાકી દવાઓનો ઝડપી નિકાલ કરવો અનિવાર્ય છે.

## સમાપન

પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના ભારતીય કૃષિ ક્ષેત્રમાં જોખમ વ્યવસ્થાપન અને ખેડૂતોની આર્થિક સુરક્ષા માટેનું એક સીમાચિહ્નરૂપ કદમ છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વર્ષ 2016-17 થી 2023-24 સુધીના આંકડાકીય માહિતીનો અભ્યાસ કરવામાં આવ્યો છે, તેના દ્વારા સ્પષ્ટ થાય છે કે આ યોજનાએ ખેડૂતોની આવકમાં સ્થિરતા લાવવા અને કૃષિ ધિરાણનો પ્રવાહ જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે ટૂંકમાં એમ કહી શકાય કે PMFBY એ ખેડૂતો માટે સુરક્ષા કવચ છે, પરંતુ તેની સંપૂર્ણ સફળતાનો આધાર અમલીકરણની ખામીઓ દૂર કરી તેને વધુ પારદર્શક અને કાર્યક્ષમ બનાવવા પર રહેલો છે.

## સંદર્ભ સૂચિ :

Jiragal, I., Ganesamoorthi, S., Khatoon, M., Mohankumar, T. L., & Narayanaswamy, C. (2025). Food, economic, and livelihood security of farmers under PMFBY in Kolar, Karnataka. Indian Journal of Extension Education, 61(2), 40-44.

NAGESH, H. (2019). A Critical Study on Pradhan Mantri Fasal Bima Yojana in Srikakulam district of Andhra Pradesh (Doctoral dissertation, Acharya NG Ranga Agricultural University, Guntur).

**વેબસાઇટ :**

1. https://pmfby.gov.in

Certificate No.:03062025031

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (On-line)
International Peer Reviewed and Refereed Journal

# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**ગજેરા સોનલ વેલજીભાઈ**

In recognition of the publication of the paper entitled

**ભારતમાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અંતર્ગત  ખરીફ પાકનો આર્થિક અભ્યાસ**

Published in Volume 03, Issue 06, December 2025.

**EDITOR IN CHIEF**

Certificate No.:03062025031

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (On-line)
International Peer Reviewed and Refereed Journal

# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding

this certificate to

**ડૉ. પરસોતમ એમ. ઉંધાડ**

In recognition of the publication of the paper entitled

**ભારતમાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અંતર્ગત  ખરીફ પાકનો આર્થિક અભ્યાસ**

Published in Volume 03, Issue 06, December 2025.

**EDITOR IN CHIEF**